પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૩૮ | ૧૯ એપ્રિલ, ૨૦૧૭, બુધવાર ; ચૈત્ર વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# વિજય માલ્યાની લંડનમાં ધરપકડ-છૂટકારો

**ધરપકડ થયા બાદ વિજય માલ્યાને કલાકોના ગાળામાં જામીન મળ્યા : બ્રિટનમાં ધરપકડ કરાયા બાદ વેસ્ટમિંસ્ટર કોર્ટમાં રજૂ કરાયા : કોર્ટમાંથી જામીન મળ્યા બાદ વિજય માલ્યાએ તરત જ ટ્વિટર પર પ્રતિક્રિયા પણ આપી : ભારતીય મીડિયામાં બિનજરૂરીરીતે વધુ મહત્વ અપાયું : માલ્યા**



નવી દિલ્હી,તા. ૧૮

શરાબ કારોબારી અને છેલ્લા ઘણા સમયથી ચર્ચામાં રહેલા વિજય માલ્યાની આજે પ્રત્યાર્પણ વોરંટના આધાર પર ધરપકડ કરી લેવામાં આવી હતી. જો કે, ધરપકડ કરવામાં આવ્યા બાદ કલાકોના ગાળામાં જ વિજય માલ્યાને જામીન મળી ગયા હતા. આ સંદર્ભમાં વિજય માલ્યાએ પણ પોતાની પ્રતિક્રિયા આપી હતી. ભારતમાંથી ફરાર થઈને બ્રિટનમાં છેલ્લા ઘણા સમયથી છુપાયેલા વિજય માલ્યાની સામે ભારતની વિનંતીના આધાર પર કાર્યવાહી કરવામાં આવી હતી. વિજય માલ્યાએ જામીન મળી ગયા બાદ પોતાની પ્રતિક્રિયા આપી હતી અને કહ્યું હતું કે, આ એક રુટિન કાર્યવાહી હતી. ભારતના મિડીયામાં આને બિનજરૂરીરીતે વધારે મહત્વ આપવામાં આવ્યું હતું. કોર્ટમાંથી જામીન મળ્યા બાદ વિજય માલ્યાએ તરત જ ટ્વિટર મારફતે પોતાની પ્રતિક્રિયા આપી હતી. લંડનમાં ધરપકડ કરી લેવામાં આવ્યા બાદ વિજય માલ્યાને વેસ્ટમિંસ્ટર કોર્ટમાં લઈ જવામાં આવ્યા હતા જ્યાંથી તેમને જામીન મળી ગયા હતા. જામીન મળી ગયા બાદ માલ્યાએ ભારતીય સમય મુજબ સાંજે ૪.૫૪ વાગે ટ્વિટર પર પ્રતિક્રિયા આપી હતી. માલ્યાએ કહ્યું હતું કે, હંમેશાની જેમ ભારતીય મીડિયાએ તેમના સમાચારને ખુબ જ ચઢાવીને રજૂ કર્યા હતા. ઉમ્મીદ મુજબ પત્યાર્પણ પર આજથી કોર્ટમાં કાર્યવાહી શરૂ થઈ ગઈ છે. માલ્યાને પકડી લેવામાં આવ્યા બાદ ટૂંકા ગાળામાં જ જામીન

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### અજય માકન મીડિયા રૂમમાં રડી પડ્યા



દિલ્હી કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને પૂર્વ કેન્દ્રિય મંત્રી અજય માકન ન્યૂઝ ચેનલના સ્ટુડિયોમાં પત્રકારોની હાજરીમાં ઓનસ્ક્રીન રડી પડ્યા હતા. સિનિયર નેતા અરવિંદસિંહ લવલીના રાજીનામા પાછળ માકનની કાર્યશૈલી કારતણભૂત હોવાના મામલે તેઓને પ્રશ્નો કરતા તેઓ રડી પડ્યા હતા.

### યુવક કોંગ્રેસના પૂર્વ પ્રમુખ અમીત મલીક ભાજપમાં જોડાશે

કોંગ્રેસમાંથી ભાજપમાં જોડાવવાનો સીલસીલો યથાવત રહ્યો છે. યુવક કોંગ્રેસના પૂર્વ પ્રમુખ અમીત મલીકે પણ ભાજપમાં જોડાવવાનો ઈરાદો વ્યક્ત કર્યો છે.

### પાકિસ્તાનમાં ધરતીકંપ

પાકિસ્તાનના વિવિધ શહેરોમાં પાંચ રીક્ટર સ્કેલનો ધરતીકંપ નોંધાયો હતો. લાહોર, ઈસ્લામાબાદ સહિતના વિસ્તારોમાં આંચકા અનુભવાયા હતા. હિન્દુકુશ રીજીયનમાં આ ધરતીકંપનું એપીસેન્ટર નોંધાયું છે.

### અઝાન જરૂરી લાઉડસ્પીકર નહી

જાણીતા ગાયક સોનુ નિગમના



મસ્જીદોના લાઉડસ્પીકર મામલે કરેલા ટ્વીટના પ્રત્યાઘાતમાં વરિષ્ઠ કોંગ્રેસી અગ્રણી નેતા અહેમદ પટેલે જણાવ્યું હતું કે નમાઝ માટે અઝાન અનિવાર્ય છે. પરંતુ લાઉડસ્પીકર નહી. સોનુ નિગમે અહેમદ પટેલનો આભાર માની કહ્યુ હતુ કે વિરોધ લાઉડસ્પીકર મામલે જ છે.

### નોર્થ કોરિયાએ અમેરિકાને ન્યુક્લીયર હૂમલાની ધમકી આપી

નોર્થ કોરિયાએ સ્પષ્ટ જાહેરાત કરતા જણાવ્યુ હતુ કે અમેરિકાની ધમકીથી અમે ડરતા નથી. તે સાપ્તાહિક, માસિક અને વાર્ષિક મિસાઈલ પરીક્ષણ ચાલુ રાખશે. નોર્થ કોરિયાના વિદેશ મંત્રી હોનસોંગ રીયોલે જણાવ્યુ હતુ કે અમેરિકા સાથે અમે યુદ્ધ કરવા તૈયાર છીએ.

# દિલ્હીમાં કોંગ્રેસને ઝટકો લવલી ભાજપમાં જોડાયા

**એમસીડીમાં ટિકિટની ફાળવણીને લઇને અરવિંદરસિંહ લવલી નારાજ હતા : લવલી શીખ સમુદાયમાં લોકપ્રિય**



નવીદિલ્હી, તા. ૧૮

દિલ્હીમાં એમસીડી ચૂંટણી પહેલા જ કોંગ્રેસને આજે મોટો ફટકો પડ્યો હતો. દિલ્હી કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ અને શીલા દિક્ષીત સરકારમાં પ્રધાન રહી ચુકેલા અરવિંદરસિંહ લવલી ભાજપમાં સામેલ થઈ ગયા છે. એમ માનવામાં આવે છે કે તેઓ એમસીડી ચૂંટણીમાં ટિકિટ ફાળવણીને લઈને ભારે નારાજ હતા. લવલી દિલ્હીમાં કોંગ્રેસના મુખ્ય ચહેરાઓ પૈકીના એક તરીકે હતા. સાથે સાથે સીખ સમુદાયની વચ્ચે પણ તેમની ખુબ સારી પ્રતિષ્ઠા રહેલી છે. એમ માનવામાં આવે છે કે, લવલી છેલ્લા ઘણા સમયથી કોંગ્રેસના નેતૃત્વથી નાખુશ હતા. લવલી સાથે દિલ્હી યુવા કોંગ્રેસના અધ્યક્ષ અમિત મલિક પણ ભાજપમાં જોડાઈ ગયા છે. ભાજપ અધ્યક્ષ અમિત શાહની ઉપસ્થિતિમાં લવલીને પાર્ટીમાં સામેલ કરવામાં

● અનુસંધાન પાન-૭ પર

# આ વર્ષે ચોમાસુ સામાન્ય રહેશે

**દક્ષિણ-પશ્ચિમ ચોમાસુ સામાન્ય રહેશે : હવામાન વિભાગ : ખેડૂતો અને સરકાર માટે રાહતના સમાચાર : સમગ્ર દેશમાં તમામ જગ્યાઓ ઉપર સામાન્ય મોનસુન હેઠળ સારો વરસાદ થશે**

નવીદિલ્હી, તા. ૧૮

હવામાન વિભાગે આગાહી કરતા કહ્યું છે કે, આ વર્ષે દક્ષિણ પશ્ચિમ મોનસુન સામાન્ય રહેશે. હવામાન વિભાગની આ આગાહીથી ખેડૂત અને વેપારી સમૂદાયમાં ખુશીનું મોજુ ફરી વળ્યું છે. સાથે સાથે સરકાર માટે પણ આ આગાહી ખુબ જ રાહતજનક પુરવાર થઈ શકે છે. હવામાન વિભાગના કહેવા મુજબ જો મોનસુન નોર્મલ રહેશે તો ખેડૂતોની સાથે સાથે અર્થતંત્ર માટે પણ ખુબ સારા સમાચાર રહેશે. ભારતીય હવામાન વિભાગ (આઈએમડી)ના ડીજી કેજી રમેશે કહ્યું છે કે, આ વર્ષે સમગ્ર દેશમાં તમામ જગ્યાઓ ઉપર સામાન્ય મોનસુન હેઠળ યોગ્ય વરસાદ જોવા મળી શકે છે. તેમણે એમ પણ કહ્યું છે કે, આ મોનસુન દેશની લોંગ પિરિયડ એવરેજ (એલપીએ)ના ૯૬ ટકાની આસપાસ રહી શકે છે. ભારતમાં સરેરાશ વરસાદ અથવા તો એલપીએ વર્ષ ૧૯૫૧થી ૨૦૦૦ની વચ્ચે નોંધાયેલા વરસાદના સરેરાશ છે જે ૮૯ સેન્ટી મીટર છે. આ સંદર્ભમાં જોવામાં આળે તો એલપીએની ૯૪થી ૧૦૪ ટકા સુધી વરસાદની આગાહીને સામાન્ય ગણવામાં આવે છે. જ્યારે ૯૬થી નીચેને સામાન્યથી ઓછો વરસાદ ગણવામાં આવે છે. આવી જ રીતે જો ૧૦૪થી ૧૧૦ ટકા સુધી વરસાદની આગાહી કરવામાં આવે તો તે સામાન્ય કરતા વધારે વરસાદ પડવાની આગાહી તરીકે ગણવામાં આવે છે. અત્રે નોંધનીય છે કે, છેલ્લી સિઝનમાં મોનસુન માટે હવામાન વિભાગ તરફથી સામાન્યથી વધારે વરસાદનો અંદાજ મુક્યો હતો પરંતુ મોનસુનની સિઝન ખતમ થતા થતાં સામાન્ય વરસાદ નોંધાયો હતો. છેલ્લા વર્ષે દક્ષિણી દ્વીપમાં ઓછો વરસાદ થયો હતો. તમિળનાડુ,

● અનુસંધાન પાન-૭ પર

# કાશ્મીરમાં ત્રાસવાદીઓ શસ્ત્રો સાથે જાહેરમાં ફરે છે

**જમ્મુ કાશ્મીરમાં સ્થિતી સતત વણસી રહી હોવાના અહેવાલ : ત્રાસવાદી સંગઠનમાં સામેલ થયેલા મોટી સંખ્યામાં યુવાનો દક્ષિણી કાશ્મીરના શોપિયન જિલ્લામાં જાહેર રસ્તા ઉપર હથિયારો સાથે ફરી રહ્યા છે**



શોપિયન, તા.૧૮

જમ્મુ કાશ્મીરમાં સ્થિતી સતત વધુને વધુ વણસી રહી છે. હિઝબુલના ત્રાસવાદી બુરહાન વાનીના એન્કાઉન્ટરને લઈને થયેલા હિંસક વિરોધ પ્રદર્શન બાદ હાલમાં જ યોજાયેલી ચૂંટણી દરમિયાન પણ મોટા પાયે હિંસા ભડકી ઉઠી હતી. હવે હેવાલ આવ્યા છે કે ત્રાસવાદી સંગઠનમાં સામેલ થયેલા મોટી સંખ્યામાં યુવાનો દક્ષિણ કાશ્મીરના શોપિયન જિલ્લામાં માર્ગો પર ખુલ્લી રીતે હથિયારો સાથે ફરી રહ્યા છે. આગામી દિવસોમાં સુરક્ષા દળો સામે મોટી સમસ્યા સર્જાઇ શકે છે. આ એવા લોકો છે જે લોકોને હવે રાજ્યની વ્યવસ્થા પર વિશ્વાસ નથી. સરકાર પર વિશ્વાસ નથી. આ યુવાનો સુરક્ષા દળો માટે માથાના દુખાવા સમાન સાબિત થઈ રહ્યા છે. સુરક્ષા દળના જવાનો આનો સામનો કરવા માટે ખુબ સાવધાની રાખી રહ્યા છે. આ યુવાનોને ઉશ્કેરવામાં કટ્ટરપંથી સંગઠનો અને પાકિસ્તાનમાં બેઠેલા ત્રાસવાદીઓની ચાવીરૂપ ભૂમિકા રહેલી છે. કારણ કે તેમને સ્થાનિક લોકોનુ પણ સમર્થન મળી રહ્યુ છે.

એક ટોપના પોલીસ અધિકારીએ વાતચીત કરતા કહ્યુ છે કે આ ત્રાસવાદીઓ શોપિયન, કુલગામ, પુલવામા અને અવંતિપોરામાં સક્રિય થયેલા છે. વિડિયો ફુટેજ અને ફોટાઓ પણ હાથ લાગી રહ્યા છે. આ ફોટોમાં એક ફોટોમાં તો એક બગીચામાં મોટી સંખ્યામાં યુવાનો એકે-૪૭ રાઈફલો સાથે નજરે પડી રહ્યા છે. તેમની પાસે એકે-૪૭ ક્યાંથી આવી તે પણ મોટો પ્રશ્ન ઉભરી રહ્યો છે. ઉચ્ચ સુત્રોએ કહ્યુ છે કે આ યુવાનો લશ્કર અને હિઝબુલ સાથે ત્રાસવાદી સંગઠનમાં સામેલ છે. ગયા વર્ષે આઠમી જુલાઈના દિવસે બુરહાન વાનીને ઠાર મારવામાં આવ્યા બાદ વ્યાપક હિંસા ભડકી ઉઠી હતી. તેના મોત બાદથી ૨૦૦થી વધારે યુવાનો ત્રાસવાદી સંગઠનોમાં સામેલ થઈ ચુક્યા છે. જમ્મુ કાશ્મીરની પોલીસ સમગ્ર મામલે મૌન છે. પોલીસનુ કહેવુ છે કે લાપતા થયેલા યુવાનો અંગે માહિતી મેળવી લેવામાં આવી રહી છે. આ ત્રાસવાદીઓને સૌથી મોટો ફાયદો એ મળી રહ્યો છે કે તેમને દક્ષિણ કાશ્મીરમાં લોકોનુ સમર્થન મળી રહ્યુ છે. સ્થાનિક લોકો તેમને ભોજન અને આશરો આપી રહ્યા છે. એન્કાઉન્ટરવાળી જગ્યા પર પથ્થરમારો અને પ્રદર્શનની વધતી જતી ઘટનાના કારણે આ ત્રાસવાદીઓને મળી રહેલા સમર્થન સામેલ છે. એવી કેટલીક ઘટના હાલમાં બની છે જેમાં સુરક્ષા ઘેરાને તોડવા માટેના પ્રયાસ કરવામાં આવ્યા છે. પોલીસ સુત્રોએ કહ્યુ છે કે આ લોકો નાના પાયે એકત્રિત થઈને લોકોને સંબોધી રહ્યા છે. સાથે સાથે આંદોલન પ્રત્યે વફાદાર રહેવા કહેવામાં આવી રહ્યુ છે.

● અનુસંધાન પાન-૭ પર

# રાજધાની, શતાબ્દીમાં હવે LTC હેઠળ ફ્લેક્સી ભાડા સ્વીકાર્ય

**ડિપાર્ટમેન્ટ ઓફ પર્સનલ એન્ડ ટ્રેનિંગ દ્વારા આદેશ જારી કરાયો : લીવ ટ્રાવેલ કન્સેશન ભથ્થા હેઠળ હવે ફ્લેક્સી ભાડાઓ અથવા તો ડાયનેમિક ભાડા સ્વીકાર કરવામાં આવશે : તમામ ગણતરી બાદ જારી કરાયેલો આદેશ**

નવીદિલ્હી, તા. ૧૮

રાજધાની અને શતાબ્દી ટ્રેનોમાં ડાયનેમિક અથવા તો ફ્લેક્સી ભાડા લીવ ટ્રાવેલ કન્સેશન (એલટીસી) ભથ્થા હેઠળ લાગૂ રહેશે. ડિપાર્ટમેન્ટ ઓફ પર્સનલ એન્ડ ટ્રેનિંગ દ્વારા જારી કરવામાં આવેલા આદેશમાં આ મુજબની વાત કરવામાં આવી છે. આ વિભાગે તમામ કેન્દ્ર સરકારના વિભાગોને સૂચના આપી દીધી છે. આ હિલચાલ એવા સમયે આવી છે જ્યારે એલટીસીના હેતુ માટે આ ટ્રેનોની ટિકિટ બુક કરાવતી વેળા ફ્લેક્સી ભાડાને લઈને સ્પષ્ટીકરણની માંગણી જુદા જુદા વિભાગ તરફથી ઉઠી રહી હતી. રેલવે મંત્રાલય દ્વારા રાજધાની, શતાબ્દી, દુરંતો ટ્રેનોમાં ફ્લેક્સી ભાડા સિસ્ટમની શરૂઆત કરી હતી. જેમાં મૂળભૂત ભાડામાં નક્કી કરવામાં આવેલી મર્યાદા તથા વેચવામાં આવેલા બર્થના દરેક ૧૦ ટકા પર ૧૦ ટકાનો વધારો થઈ જાય છે. ખર્ચ વિભાગ દ્વારા વાતચીત કરવામાં આવ્યા બાદ આ મામલામાં ઉપર ચકાસણી થઈ હતી. નાણામંત્રાલયે કહ્યું છે કે, રાજધાની, શતાબ્દી, દુરંતો ટ્રેનોમાં ફ્લેક્સી ભાડા લાગૂ રહેશે. એલટીસી ઉપર આ ટ્રેનોમાં યાત્રા કરનાર યાત્રીઓને તેને લાગૂ કરવામાં આવશે. આ ડાયનેમિક ભાડા ખુબ જ મહત્વપૂર્ણ છે. આદેશમાં જણાવવામાં આવ્યું છે કે, ડાયનેમિક ભાડાના ક્ષેત્રમાં કાપ મુકી દેવામાં આવ્યા બાદ ભાડાની રકમ સરકારી કર્મચારીઓ મેળવશે. ધારાધોરણ મુજબ સરકારી કર્મચારીઓ પેઈડ લીવ ઉપરાંત જ્યારે એલટીસી મેળવે છે ત્યારે તેમને કોઈપણ પ્રવાસ ખર્ચ વેળાની રકમ પરત મળે છે. આદેશમાં જણાવવામાં આવ્યું છે કે, હવે રાજધાની, શતાબ્દી અને દુરંતો ટ્રેનોના ફ્લેક્સી ભાડા એલટીસી હેઠળ પણ લાગૂ થશે. વિભાગ દ્વારા તમામ કેન્દ્ર સરકારના મંત્રાલયોને સૂચના આપી દેવમાં આવ્યા બાદ તેને લાગૂ કરવામાં આવશે.










